# શ્રી એમ.એફ. મંડલી, સભ્ય, ઔદ્યોગીક અદાલત, સુરત સમક્ષ, મુ.સુરત.

**અપીલ (આઈ. સી.) નં.૨૫/૨૦૧૬**
**મુળ ટી. અરજી નં.૪/૨૦૧૧**
**આંક–૧૮**

મેનેજરશ્રી,
મેસર્સ રૂક્ષમણી સિન્ટેક્ષ પ્રાઈવેટ લીમીટેડ,
પ્લોટ નં.૨૧૪,ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જી.આઈ.ડી.સી.,
ઉમરગામ, વલસાડ. ... ... ... **એપેલન્ટ**

**વિરુધ્ધ**

શિવકુમાર ધર્મવીરપ્રસાદ યાદવ,
ગુજરાત રાજય કામદાર સેવા સંઘ,
મુ.પો. આઝાદનગર, ડુંગરી ફળીયા,
વાપી, જી. વલસાડ.
c/o, અધોવરામ કિરાણા સ્ટોર,
દુકાન નં.૪૪/૪૩૫, ઈ.ડબલ્યુ.એસ. કોલોની,
ગાંધીવાડી, ઉમરગામ,
વલસાડ. ... ... ... **રીસ્પોન્ડન્ટ**

**પ્રતિનિધિત્વ :–**
**એપેલન્ટ તરફે : વિધ્વાન વકીલ શ્રી જે.સી. ઘીવાલા.**
**રીસ્પોન્ડન્ટ તરફે : પ્રતિનિધિ શ્રી આર.એમ. પ્રજાપતિ.**

**બાબત :– બી.આઈ.આર.એકટની કલમ ૮૪ હેઠળ અપીલ**

**–: હુકમ :–**

(૧) ઉપરોકત કામમાં એપેલન્ટ રેઈનબો ટેક્ષટાઈલ ધ્વારા બી.આઈ.આર. એકટ ૧૯૪૬ ની કલમ–૮૪ મુજબ મજુર અદાલત, વલસાડે ટી.અરજી નં.૪/૧૧ ના કામમાં તા.૧૩/૭/૧૬ ના રોજ પસાર કરેલ હુકમ રદ કરાવવા માટે હાલની આ અપીલ દાખલ કરેલ છે.

(૨) આ કામે કાર્યવાહી અત્રેની અદાલત સમક્ષ ચાલુ હતી જે દરમ્યાન અરજદાર તરફે તા.૨૩/૦૯/૨૨ ના રોજ આંક–૧૭ થી પક્ષકારો વચ્ચે સમાધાનની

વાતચીત ચાલતી હોય તેમજ સમાધાનની શકયતા હોય અરજી પરત ખેંચવાની અરજી આપેલ છે. આમ અરજદારની આંક–૧૭ મુજબની પુરસીસ ધ્યાને લેતાં પક્ષકારો વચ્ચે સમાધાનની વાતચીત ચાલતી હોય અને તેઓની સદર અરજી મુજબ અપીલ આગળ ચલાવવાની રહેતી ન હોઈ હાલની અપીલ ફેસલ કરી આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–: **હુ ક મ** :–

(૧) અરજદારની આંક–૧૭ થી રજુ કરેલ પુરસીસ જોતાં આ અપીલ વીડ્રો પુરસીસ મુજબ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સ્થળ : સુરત.
તા.૧૦/૧૦/૨૦૨૨

(એમ.એફ. મંડલી)
જી.જે.૦૦૪૦૮
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.